| | | | | |
|---|---|---|---|---|
| GJVD070038222022 | રજુ કર્યા તારીખ | ૧૩/૧૨/૨૦૨૨ | | |
| | દાખલ તારીખ | ૧૩/૧૨/૨૦૨૨ | | |
| | ફેંસલ તારીખ | ૦૮/૦૨/૨૦૨૩ | | |
| | સમયમર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૧ | ૨૬ |

**ડભોઈના મહેરબાન એડીશનલ સિવિલ જજ અને**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ (કે.એસ.ખન્ના) ની અદાલતમાં, મુ. ડભોઈ.**

**ફોજદારી કેસ નંબર–૩૩૭૪/૨૦૨૨**
**આંક–**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપીઃ–** **હરખાબેન નટુભાઈ છગનભાઈ વસાવા,** ઉં.વ.–૩૮,
રહે.– નિમનગામડી, તા.ડભોઈ, જિ.વડોદરા.

ગન્હોઃ– **પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫ (એ)(એ) મુજબ.**

**રજુઆતઃ–** ફરીયાદપક્ષે વિદ્વાન એપીપીશ્રી એન.એસ.મોદી
આરોપીપક્ષે વિદ્વાન વકીલશ્રી એસ.પી.સુતરીયા

**– ઠરાવ –**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીબેને પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારુ લિટર –૦૨, કિંમત રૂા.૪૦/– નો ગેરકાયદેસરનો મુદ્દામાલ વગર પાસ પરમીટનો રાખી, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કરેલ છે. આ બાબતની ફરીયાદીએ ડભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તે થર્ડ ગુના રજી. નંબર–૩૧૪/૨૦૨૨ થી નોંધી લઈ, પોલીસ તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કર્યા અંગેની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને કોર્ટ દ્વારા સમન્સ ઈસ્યુ કરતા, સમન્સ આધારે આરોપી કોર્ટમાં હાજર થતાં, સૌપ્રથમ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે.

(૩) વધુમાં, સદર કામે આગળ વધતા પહેલા એ નોંધનીય છે કે, નામદાર ગુજરાત અદાલત દ્વારા નિર્ણિત ક્રીમી. મીસલેનીયસ એપ્લી. નંબર–૮૮૯૨/૨૦૧૮ જયંતિભાઈ મકનભાઈ ડામોરના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, પ્રોહીબીશન એક્ટ અન્વયેના ગુનાઓ ટ્રાયલ બાય મેજીસ્ટ્રેટ છે. જેથી, સદર ચુકાદાના નિર્ણયને ધ્યાને લઈ, આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. સબબ, આરોપી દ્વારા આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરવામાં આવતાં, સદર કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**– <u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u> –**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મોતીભાઈ વજાભાઈની જુબાની | **૦૫** |
| ૨ | અસલ ફરીયાદ | **૦૬** |
| ૩ | પંચસાહેદ શાંતીભાઈ કુલાભાઈ રબારીની જુબાની | **૦૭** |
| ૪ | રીકવરી પંચનામુ | **૦૮** |
| ૫ | સાહેદ/ત.ક.અ. ગલાભાઈ શનાભાઈ માલીવાડની જુબાની | **૦૯** |
| ૬ | રવાનગીપત્રક | **૧૦** |

(૫) ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) આ કામે બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ઉપરોક્ત હકીકતે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુદ્દાઓ</u> –**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીબેને પોતાના કબજા ભોગવટાના મકાનમાં દેશી દારુ લિટર –૦૨, કિંમત રૂા.૪૦/– નો ગેરકાયદેસરનો મુદ્દામાલ વગર પાસ પરમીટનો રાખી, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૮)** ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**– <u>કારણો</u> –**

**<u>મુદ્દા નંબર–૧ઃ</u>–**

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી ફરીયાદી મોતીભાઈ વજાભાઈ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. ફરીયાદીએ આંક–૦૬ થી ફરીયાદની નકલ રજુ કરેલ છે અને પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીયાદને અનુરૂપ હકીકતો જણાવેલ છે. તેમજ આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ બે વર્ષથી ચાણોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે જેથી તેઓ ઘણા લોકોને નામથી ઓળખે છે. તેમજ એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યા એ રહેણાંક વિસ્તાર છે અને ત્યાં ઘણા બધા મકાનો આવેલા છે.

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૦૮ થી રજુ રીકવરી પંચનામાના પંચ શાંતીભાઈ કુલાભાઈ રબારી નાઓને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં એક તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી સદર પંચસાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ વિદ્વાન એપીપીશ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરી,

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર લખેલ કાગળ પર સહી લીધેલી તેમજ સહી કર્યા સમયે તેઓએ કાગળ વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં તેમજ સહી કર્યા સમયે તેઓ એક જ હાજર હતા.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૯ થી તપાસ અધિકારી ગલાભાઈ શનાભાઈ માલીવાડ નાઓને સોગંદ ઉપર તપાસતાં, તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષને અનુરૂપ હકીકતો જણાવેલ છે અને આંક–૧૦ થી રવાનગીપત્રક રજુ કરેલ છે. તેમજ આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવવાળો વિસ્તાર એ ભરચક વિસ્તાર છે અને તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

(૧૩) આમ, જ્યારે સદર કામે મુદ્દામાલ રીકવરીના પંચસાહેદ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા જાહેર કરાયેલ હોય ત્યારે, નામદાર **બોમ્બે વડી અદાલત દ્વારા નિર્ણિત મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ ઓમકાર માનીક પાટીલ, ક્રીમીનલ લો રીપોર્ટર (એમ.એચ) ૧૯૭૯ પાના નંબર–૪૨૧** નો ચુકાદો ધ્યાને લેતાં, જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ, સદર કામે આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવવાનો સંભવ નથી. વધુમાં, સદર કામે કબજે કરેલ પ્રોહી મુદ્દામાલ એફ.એસ.એલ.માં પરીક્ષણ માટે મોકલી આપેલ છે કે કેમ ? તે દર્શાવવા માટે તેની યાદી રજુ કરેલ છે, પરંતુ પરીક્ષણનો રીપોર્ટ આ કામે ચાર્જશીટ સાથે સામેલ રાખવામાં આવેલ નથી કે તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન પણ રેકર્ડ ઉપર લાવેલ નથી. તે જ રીતે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ ચાર્જશીટ જોતાં, ફલિત થતુ નથી.

(૧૪) આમ, સદર કામે ચાર્જશીટ ધ્યાને લેતાં, પંચસાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ નથી તથા ફરીયાદપક્ષ દ્વારા તપાસેલ પંચસાહેદે, પોલીસે તેઓની હાજરીમાં આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોવા બાબતનો ઈન્કાર કરેલ છે ત્યારે કહેવાતો મુદ્દામાલ આરોપીના સભાન અને પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યો હોય, તે હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – <u>આખરી હુકમ</u> –

**૧.** આ કામેના આરોપી **હરખાબેન નટુભાઈ છગનભાઈ વસાવા** નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

**૩.** આ કામે કબજે કરાયેલ પ્રોહીબીશન મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવો.

**ચુકાદો** આજ તારીખ **૦૮** મી માહે **ફેબ્રુઆરી,** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ડભોઈ.<br>
તા.૦૮/૦૨/૨૦૨૩.

**(ક્રિષ્ના સુધીર ખન્ના)**<br>
**જીજે ૦૦૮૮૪**<br>
એડીશનલ સિવિલ જજ અને<br>
જે.એમ.એફ.સી. ડભોઈ.